

ખેલ દર્પણ

# વાઈડ બોલ



–ઉદય મુનશી

## વિન્ડીઝ સામેની વન-ડે શ્રેણીની ભારતીય ટીમની પસંદગી યોગ્ય છે....??

મુંબઈ ખાતે યોજાયેલી વિશ્વકપ ક્રિકેટ ટૂર્નામેન્ટની ફાઈનલ મેચમાં ભારતે શ્રીલંકાને શિકસ્ત આપી વર્લ્ડકપ ક્રિકેટના ઈતિહાસમાં બીજી વખત વિશ્વવિજેતા પદ અપાવીને ધોની એન્ડ કંપનીએ ભારતને ગૌરવ અપાવ્યું હતું. યજમાન ટીમે વિશ્વવિજેતા પદ પ્રાપ્ત કરીને યજમાન રાષ્ટ્રની વર્લ્ડકપ નહીં જીતવાની પરંપરા પણ તોડી હતી.

વર્લ્ડકપ ક્રિકેટની પૂર્ણાહૂતિ બાદ આઈપીએલનું આયોજન કરવામાં આવ્યું. ટોચના ક્રિકેટરો માટે મધપૂડા સમાન આ ટૂર્નામેન્ટમાં તમામ ભારતીય ખેલાડીએ આશ્ચર્યજનક રીતે ફીટ પણ થઈ ગયા અને ટૂર્નામેન્ટમાં ભાગ લીધો. કેટલાંક વરિષ્ઠ ખેલાડીઓ ફીટનેસનું બહાનું આગળ ધરીને કેટલીક શ્રેણી રમવાનું ટાળતા હતા. પરંતુ મધપૂડા સમાન ફટાફટ ક્રિકેટ આવ્યું અને તેઓનો થાક પણ ઉતરી જાય છે અને ફીટનેસ પણ પાછી આવે છે તે વિચારવા લાયક છે.

ખૈર...વર્લ્ડકપ અને આઈપીએલ સ્પર્ધા પૂરી થઈ ગઈ. અને ભારતીય ટીમ હવે વેસ્ટ ઈન્ડિઝ અને ત્યારબાદ ઈંગ્લેન્ડ એવા બેવડા પ્રવાસે જનારી છે તે વેળા ફટાફટ ક્રિકેટ રમનારા કેટલાક ભારતીય ખેલાડીઓને વેસ્ટઈન્ડિઝના પ્રવાસ માટેની વન-ડે શ્રેણીમાંથી આરામ આપવામાં આવ્યો છે અથવા ખેલાડીઓએ આરામ માગ્યો કે ઈજાગ્રસ્ત હશે. તે પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે આવા વરિષ્ઠ ખેલાડીઓને આઈપીએલ જેવી કલબ કક્ષાની ટૂર્નામેન્ટમાં આરામ જોઈતો નથી કારણકે તે ટૂર્નામેન્ટ તેઓને માટે નાણાંની ટંકશાળ સમાન છે પરંતુ અન્ય રાષ્ટ્ર સામેની શ્રેણીમાં આરામ જોઈએ છે જે રાષ્ટ્રવતી રમવાનું છે.

વેસ્ટ ઈન્ડિઝ સામેની વન-ડે શ્રેણી માટે જાહેર કરવામાં આવેલી ટીમમાં કેટલાક યુવા ખેલાડીઓને વરિષ્ઠ ખેલાડીઓની ગેરહાજરીમાં સ્થાન આપવામાં આવ્યું છે તે આવકારદાયક છે. પરંતુ આઈપીએલમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા કેટલાંક ખેલાડીઓને ટીમમાં સ્થાન મળ્યું નથી તે ખેદજનક છે.

આર.અશ્વિન, યૂસુફ પઠાણ આઈપીએલની દેન છે તેવી જ રીતે જમાણેરી ફાસ્ટ લેગ સ્પિનર રાહુલ શર્મા, ઓલરાઉન્ડર રજત ભાટીયા, પોલ વલથાટી જેવા આઈપીએલ રમતાં ખેલાડીઓને તેઓના તાજેતરના દેખાવને ધ્યાનમાં લઈ ટીમમાં સમાવિષ્ટ કરવાની જરૂર હતી. તે ઉપરાંત જકાતી અને ઈકબાલ અબ્દુલા પણ સારી બોલીંગનું પ્રદર્શન કરી રહ્યા છે અને તેઓને પણ તક મળવી જોઈતી હતી.

પસંદગીકારોએ અસંખ્યવેળા રોહીત શર્માને ટીમમાં સ્થાન આપ્યું. પરંતુ આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં તે ઝાઝુ ઉકાળી શકયો ન હોવા છતાંય તેને શા માટે ફરીથી તક આપવામાં આવી? ઈશાંત શર્માની છેલ્લા બે વર્ષની નિષ્ફળતાને ધ્યાનમાં લીધા સિવાય વધુ એકવખત ટીમમાં સ્થાન આપવામાં આવ્યું. કારણકે પસંદગીકારોને વિશ્વાસ છે કે તે ફરીથી ફોર્મ મેળવશે પરંતુ પ્રશ્ન તે ઉપસ્થિત થાય છે કે કયારે તે સમય આવશે?

સામાન્ય માન્યતા એવી છે કે વિન્ડીઝની પીચો ઝડપી ગોલંદાજોને મદદરૂપ થતી હોય છે. પરંતુ તાજેતરની વિન્ડિઝ અને પાકિસ્તાનની શ્રેણી તરફ નજર નાંખવામાં આવે તો પીચો ધીમી અને સ્પિનરોને મદદરૂપ છે તો પછી વન-ડે માટે ટીમમાં ચાર ઝડપી ગોલંદાજોની જરૂર શું છે? પ્રવિણકુમાર, ઈશાંત શર્મા, મુનાફ પટેલ અને વિનયકુમાર એમ. ચાર ઝડપી ગોલંદાજોને ટીમમાં સ્થાન આપવામાં આવ્યું છે. જેમાંથી ઓલરાઉન્ડર કહી શકાય તેવો એકપણ નથી.

ટીમમાં મુખ્યત્વે ચાર સ્પિનર છે. જેમાં હરભજનસીંગ, આર.અશ્વિન, યુસુફ પઠાણ અને અમિત મિશ્રા છે. જયારે યુવરાજસીંગ, રોહીત શર્મા અને સુરેશ રાયના પાર્ટટાઈમ બોલરો રહેશે. વર્લ્ડકપમાં જો કે યુવરાજસીંગે ડાબોડી સ્પિન ગોલંદાજી કરીને ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. તે જોતાં યુવરાજ, પઠાણ અને અશ્વિનની ગણના ઓલરાઉન્ડરો તરીકે થઈ શકે.

આઈપીએલમાં રાહુલ શર્માએ શાનદાર જમાણેરી લેગસ્પિન ગોલંદાજી કરી સૌનું ધ્યાન ખેંચ્યું હતું. પરંતુ પસંદગીકારોનું ધ્યાન તેની તરફ ગયું નહીં તે સમજાતું નથી. અનિલ કુંબલેની માફક રાહુલ શર્મા ઝડપી લેગબ્રેક કરીને બેટસમેનોને અચંબામાં મૂકી દે છે. વળી તેની પાસે સુંદર લાઈન લેંગ્થ છે તેને ભારતીય ટીમ માટે લાંબી રેસનો ઘોડો કહી શકાય.

માત્ર વન-ડે શ્રેણી માટે બંને વિકેટકીપરોને ટીમમાં સ્થાન આપી પસંદગીકારોએ આશ્ચર્ય સર્જ્યુ છે. પાર્થિવ પટેલ ઉપરાંત રિધ્ધમાન શહાની પસંદગી શા માટે કરવામાં આવી? ક્રિકેટ વર્તુળોમાં તેવી પણ ચર્ચા છે કે ધોનીને પાર્થિવ સાથે ખાસ મનમેળ નથી તેવા સંજોગોમાં આઈપીએલમાં પોતાની ટીમ વતી રમતાં શહાને આગળ ધરી પાર્થિવના ભવિષ્ય સામે લાલબત્તી તો ધરી નથી ને?

તેવું પણ ચર્ચાય છે કે આઈપીએલમાં ગત સીઝન સુધી ધોનીની ટીમમાં રમનારા પાર્થિવ પટેલને ચાલુ સીઝનમાંથી હટાવી રિધ્ધમાન શહાને પોતાની ટીમમાં સમાવવામાં પણ ધોનીનો હાથ તો નથીને? ગમે તે હોય પરંતુ પાર્થિવ પટેલે આ વેળા હાથમાં આવેલી તકને ગુમાવ્યા સિવાય ઉત્કૃષ્ટ દેખાવ કરવો જ પડશે નહિતર તેની આંતરરાષ્ટ્રિય ક્રિકેટ કારકીર્દિ પર પૂર્ણવિરામ મૂકાઈ જશે.

જાહેર કરવામાં આવેલી ભારતીય ટીમ વેસ્ટઈન્ડિઝના પ્રવાસ દરમિયાન એક ૨૦-૨૦ ઓવરની મેચ તથા પાંચ વન-ડે ઈન્ટરનેશનલ રમશે. ભારતીય ટીમનું સુકાન ધોનીની ગેરહાજરીમાં ગૌતમ ગંભીર સંભાળશે.

ચોથી જૂનના શનિવારે પોર્ટ ઓફ સ્પેન ખાતે ભારત અને વિન્ડિઝ વચ્ચે એકમાત્ર ૨૦-૨૦ જંગ ખેલાશે ત્યારપછી છઠ્ઠી જૂને તેજ સ્થાને પ્રથમ વન-ડે રમાશે. બીજી વન-ડે આઠમી જૂને તે મેદાન પર જ ખેલાનાર છે. જયારે ૧૧ મી જૂને ત્રીજી વન-ડે એન્ટીગુઆ ખાતે રમાશે. ૧૩મી જૂને ચોથી વન ડે એન્ટીગુઆ ખાતે ખેલાશે જયારે પાંચમી અને અંતિમ વનડે ૧૬મી જૂને જમૈકાના સબીના પાર્ક ખાતે રમાનાર છે.

ત્યારબાદ ૨૦ થી ૨૪ જૂન દરમિયાન જમૈકાના સબીના પાર્ક ખાતે પ્રથમ ટેસ્ટ મેચ રમાશે. બીજી ટેસ્ટ મેચ ૨૮મી જૂનથી બીજી જુલાઈ દરમિયાન બાર્લાકોસના કેનસિંગ્ટન ઓવલ ખાતે રમાશે અને ત્રીજી ટેસ્ટ મેચ છ થી ૧૦ જુલાઈ દરમિયાન ડોમિનિકાના વિન્ડસર પાર્ક ખાતે ખેલાશે.

મહેન્દ્રસિંહ ધોની, સચીન તેંદુલકર, વિરેન્દ્ર શેહવાગ, ઝહીરખાન જેવા પ્રથમ પસંદગીના ખેલાડીઓને આરામ આપવામાં આવ્યો છે. અથવા તો ઈજાગ્રસ્ત છે. મનપ્રિત ગોની અને અશોક દીંડાને તેઓના આઈપીએલના દેખાવને ધ્યાનમાં લઈ ભારતીય ટીમમાં સ્થાન આપવામાં આવ્યું હતું. પરંતુ બંને ફલોપ થતાં પસંદગીકારો પર માછલાં ધોવાયાં હતા અને તેને કારણેજ કદાચ પસંદગીકારોએ આ વેળા આઈપીએલના દેખાવને ધ્યાનમાં લીધો નહિ હોય પરંતુ પસંદગીકારો ભૂલી ગયાં છે કે આર.અશ્વિન અને યૂસુફ પઠાણ પણ આઈપીએલમાંથી જ ઉતાર્યા છે. ■

**તાજા મઠીઆ ફકત $7.99 per KG(2.2Lb) મેળવવા લોગ ઓન કરો: www.gujaratbazar.com**